પાટનગરનું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૩૬ | ૨૫ જુલાઈ, ૨૦૨૩, મંગળવાર; અધિક શ્રાવણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મુંબઈ-પૂણે એક્સપ્રેસ-વે પર લેન્ડ સ્લાઈડ

## મુંબઇ-પૂણે એક્સપ્રેસ વે પર બે વાર લેન્ડ સ્લાઇડ : મુંબઈ તરફનો રસ્તો બંધ કરાતા પૂણે હાઈવે પર ભારે ટ્રાફિક જામ : પ્રશાસન દ્વારા તરત જ કાંટમાળ ઉપાડવાની કામગીરી હાથ ધરતા થોડા સમય પછી વાહનવ્યવહાર યથાવત થયો





મુંબઈ, તા.૨૪

મુંબઈ –પૂણે એક્સપ્રેસ વે પર રાત્રે અને વહેલી સવારે બે વાર લેન્ડ સ્લાઇડ થઈ છે. મોડી રાત્રે મુંબઈ તરફ આવવાનો રસ્તો આ લેન્ડ સ્લાઈડને કારણે બંધ કરવામાં આવતાં ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. ત્યા વહેલી સવારે છ વાગે ફરી એકવાર મુંબઈ-પૂણે એક્સપ્રેસ વે પર લોનાવલા પાસે લેન્ડ સ્લાઈડ થતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. જોકે પ્રશાસન દ્વારા તરત જ કાંટમાળ ઉપાડવાની કામગીરી હાથ ધરતા થોડા સમય પછી વાહનવ્યવહાર યથાવત થયો હતો પણ એક લાઈન બંધ હોવાતી ધીમી ગતીએ ટ્રાફિક આગળ વધી રહ્યો હોવાની જાણકારી સત્તાવાર સૂત્રોમાંથી મળી રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર મુંબઈ-પૂણે એક્સપ્રેસ વે પર આડોશી ટનલ પાસે રાત્રે ૨૨.૩૫ મીનીટે લેન્ડ સ્લાઈડ થઈ હતી. પૂણેથી મુંબઈ તરફ જઈ રહેલ એક્સપ્રેસ વેના ત્રણે રસ્તા પરિવહન માટે બંધ કરવામાં આવ્યા હતાં. લાંબા સમય સુધી આ રસ્તો બંધ રાખવામાં આવ્યો હતો. આડોશી ટનલ પાસે લેન્ડ

● અનુસંધાન પાન-૭ પર

# સંસદ ભવન સંકુલમાં સત્તાધારી અને વિપક્ષનું સામ-સામે વિરોધ પ્રદર્શન

## સંસદના ચોમાસુ સત્રના ત્રીજો દિવસે પણ ધાંધલ જારી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મણિપુર ઘટના અંગે સંસદમાં નિવેદન આપવાની વિપક્ષો દ્વારા સતત માગ કરાઈ




નવી દિલ્હી, તા.૨૪

સંસદના ચોમાસુ સત્રનો આજે ત્રીજો દિવસ છે. ગૃહની કાર્યવાહી સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ હતી. બંને ગૃહોમાં મણિપુર પર હંગામો ચાલુ રહ્યો છે. કારણ કે વિપક્ષી દળોએ આ મુદ્દે ભાજપને ઘેરવાની રણનીતિ બનાવી છે તો ભાજપે પણ બંગાળ અને રાજસ્થાનમાં મહિલાઓ પર થતા અત્યાચાર સામે ગઠબંધન કરીને લડવાની યોજના તૈયાર કરી છે.

રાજસ્થાનના ભાજપના સાંસદોએ આજે સંસદ ભવન સંકુલમાં ગેહલોત સરકાર વિરુદ્ધ ધરણા કર્યા હતા. રાજ્યમાં મહિલાઓ વિરુદ્ધ વધી રહેલા ગુનાઓને લઈને સાંસદોએ રાજ્ય સરકારને

● અનુસંધાન પાન-૭ પર

# ઈપીએફ પર ૮.૧૫ ટકાના વ્યાજદરને મંજૂરી

નવી દિલ્હી, તા.૨૪

નાણામંત્રાલયે નાણાકીય વર્ષ ૨૦૨૩ માટે કર્મચારી ભવિષ્ય નિધિ ઈપીએફપર ૮.૧૫ ટકાના વ્યાજ દરને મંજૂરી આપી છે. આ અગાઉ ઈપીએફઓએ સરકારને આટલું જ વ્યાજ ચૂકવવાની ભલામણ કરી હતી. હવે નાણામંત્રાલયે આનો સ્વીકાર કરતા એક નોટિફિકેશન બહાર પાડ્યું છે.

ઈપીએફઓએ ૨૦૨૨-૨૩ માટે કર્મચારી ભવિષ્ય નિધિ (ઈપીએફ) પર વ્યાજ દરમાં વધારો કર્યો છે. કર્મચારી ભવિષ્ય નિધિ (ઈપીએફ) પર વ્યાજ દર વધારીને ૮.૧૫ ટકા કરવામાં આવશે. આ પહેલા નાણાકીય વર્ષ ૨૧-૨૨ માટે આ દર ૮.૧૦ ટકા હતો જે અગાઉ માર્ચમાં ઈપીએફઓએ તેની બે દિવસીય બેઠકમાં કર્મચારી ભવિષ્ય નિધિ (ઈપીએફ) પર વ્યાજ દર વધારવાની જાહેરાત કરી હતી. આ જાહેરાત બાદ ૨૦૨૨-૨૩ માટે ઈપીએફથાપણો પર વ્યાજ દરમાં વધારો કરવા માટે તેમજ તેને મંજૂરી માટે નાણાં મંત્રાલયને મોકલવામાં આવ્યો હતો, જેને આજે મંજૂરી આપવામાં આવી છે. હવે સરકારની મંજૂરી મળ્યા બાદ, ૨૦૨૨-૨૩ માટે ઈપીએફપર વ્યાજ દર ઈપીએફઓના પાંચ કરોડથી વધુ ખાતાધારકોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે.

# આપના સાંસદ સંજયસિંહને ચોમાસુ સત્ર માટે સસ્પેન્ડ કરાયા

નવી દિલ્હી, તા.૨૪

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહ વિરુદ્ધ સંસદમાં કાર્યવાહી કરવામાં આવી છે. તેમને સંપૂર્ણ ચોમાસુ સત્ર માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. રાજ્યસભાના સભાપતિએ તેમની સામે આ કાર્યવાહી કરી છે. આ કાર્યવાહી દરમિયાન, જ્યારે સાંસદો પ્રશ્નો પૂછી રહ્યા હતા, તે જ સમયે સંજય સિંહ સભાપતિની ખુરશીની સામે પહોંચી ગયા. ત્યાંથી તેઓ બૂમો પાડી રહ્યા હતા. સભાપતિ દ્વારા વારંવાર સંજય સિંહને પોતાની સીટ પર બેસવા કહેવામાં આવ્યું પરંતુ તેઓ આ આદેશનું પાલન ન કર્યું. આ પછી પીયૂષ ગોયલે કહ્યું કે, સરકાર સંજય સિંહ વિરુદ્ધ સસ્પેન્શનનો પ્રસ્તાવ લાવી રહી છે અને તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી થવી જોઈએ.

● અનુસંધાન પાન-૭ પર

# સંઘના પૂર્વ પ્રભારી મદનદાસ દેવીનું ૮૧ વર્ષની વયે નિધન

મુંબઈ, તા.૨૪

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૂર્વ પ્રભારી અને અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદના પૂર્વ સંગઠન પ્રધાન મદન દાસ દેવીનું આજે વહેલી સવારે બેંગલુરુમાં ખાતે વૃદ્ધાવસ્થાને કારણે નિધન થયું છે. ઉંમરના ૮૧માં વર્ષે તેમણે છેલ્લો શ્વાસ લીધો હતો. એક વર્ષ પહેલાં જ તેમના પર હરિદ્વારના પાલમપુરની આયુર્વેદીક સંસ્થા દ્વારા પંચકર્મ પણ કરવામાં આવ્યું હતું. તેમના અંતિમ સંસ્કાર આવતી કાલે એટલે કે ૨૫મી જુલાઈના રોજ સવારે ૧૧ વાગે પુણેમાં કરવામાં આવશે. મદન દાસ દેવીએ બાળપણથી જ પોતાનું જીવન રાષ્ટ્રસેવા અને સંઘના કાર્યમાં સમર્પીત કર્યું હતું. જીવનના લગભગ ૭૦ વર્ષ તેમણે સંઘના પ્રચાર માટે કામ કર્યું.

# જ્ઞાનવાપી મુદ્દે મુસ્લિમ પક્ષકારને હાઈકોર્ટમાં જવા સપ્તાહની મુદત

## સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ અનુસાર એએસઆઈ બે અઠવાડિયા સુધી કોઈ ખોદકામ કરી શકશે નહી

નવી દિલ્હી, તા.૨૪

જ્ઞાનવાપી પરિસરમાં સુપ્રીમે આપેલા ચુકાદા અનુસાર આજથી શરુ થવાનો હતો. આજે સવારે એએસઆઈની સર્વે ત્યાં પહોંચી હતી. પરંતુ ફરીથી આ મામલા પર સુપ્રીમ દ્વારા સુનાવણી કરવામાં આવી હતી. અહેવાલ અનુસાર, જ્યારે આ મામલાની સુનાવણી સવારે ૧૦.૩૦ વાગ્યે શરૂ થઈ ત્યારે સુપ્રીમ કોર્ટે મુસ્લિમ પક્ષને પૂછ્યું કે, તેઓ આ મામલે હાઈકોર્ટમાં કેમ ન ગયા. આ સાથે સુપ્રીમ કોર્ટે યુપી સરકારને પૂછ્યું કે, એએસઆઈ કેવી રીતે કામ કરે છે. આ મામલે સુપ્રીમ કોર્ટ ફરીથી ચુકાદો આપતા કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટે મુસ્લિમ પક્ષને હાઈકોર્ટમાં જવા માટે એક અઠવાડિયાનો સમય આપ્યો છે અને વૈજ્ઞાનિક રીતે આ સર્વે ચાલુ રાખવા આદેશ આપ્યો છે. આ આદેશથી હિંદુ પક્ષને મોટી રાહત મળી છે. જોકે સુપ્રીમે આપેલા આદેશ અનુસાર એએસઆઈબે અઠવાડિયા સુધી કોઈ ખોદકામ કરી શકશે નહી.

જિલ્લા કોર્ટના આદેશ પર એએસઆઈની ટીમ આજે સવારે ૭ વાગ્યાથી જ્ઞાનવાપીમાં સર્વે કરી

● અનુસંધાન પાન-૭ પર

# રામનવમી પર હિંસાની તપાસ એનઆઈએ દ્વારા જ કરાશે

નવી દિલ્હી, તા.૨૪

સુપ્રીમ કોર્ટે દ્વારા મમતાને એક મોટો ઝટકો લાગ્યો છે. રામ નવમીના તહેવાર દરમિયાન હિંસાની તપાસ એનઆઈએને સોંપવાના કલકત્તા હાઈકોર્ટના આદેશ સામે પશ્ચિમ બંગાળ સરકારની અરજીને ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું કે મામલાની ગંભીરતાને જોતા એનઆઈએતપાસની જરૂરિયાત નકારી ન શકાય.

રામનવમી દરમિયાન રાજ્યમાં થયેલી હિંસાની ઘટનાઓની તપાસ એનઆઈએદ્વારા કરવાના નિર્દેશ આપતા કલકત્તા હાઈકોર્ટના આદેશને પડકારતી પશ્ચિમ બંગાળ સરકારની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. સીજેઆઈ ડીવાયચંદ્રચુડની અધ્યક્ષતાવાળી બેન્ચે મમતા સરકારની અરજી પર સુનાવણી કરી. જસ્ટિસ જેબી

● અનુસંધાન પાન-૭ પર

# સેન્સેક્સમાં ૨૯૯ અને નિફ્ટીમાં ૭૩ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ, તા.૨૪

સપ્તાહનો પ્રથમ કારોબારી દિવસ ભારતીય શેરબજાર માટે નિરાશાજનક રહ્યો. શુક્રવારે પણ માર્કેટ ૮૮૭ પોઈન્ટના કડાકા સાથે બંધ રહ્યું હતું. આજે ઘટાડા બાદ રોકાણકારોની સંપત્તિ ઘટીને ૩૦૧.૯૩ લાખ કરોડ થઈ છે. શુક્રવારે બીએસઈપર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૩૦૨.૦૯ લાખ કરોડ રૂપિયા અને ગુરુવારના સત્રમાં ૩૦૪.૦૩ લાખ કરોડ રૂપિયા હતું.







